**Recitation of Ana(n)t Akhā*do* over 40 days**

**Day 5**

આશાજી, સરગ મરત પઈયારજ સર્વે, સીરબંધ હુવા સીર ભારીજીઃ
કીડી મંકોડી સરવે કુચ્છ આવીયા, તારે ભાર હુવા સીર ભારી.
હરી૦ (૫૧)

આશાજી, તેરે અંતકા અંત તુંહીજ જાણે, હમથી ભાર ઉઠાયો
નવ જાયજી;
તમકુ હમકુ જે જીવ જાણે. તે સરવે અનંત લખાયે. હરી. (૫૨)

આશાજી, અરજ વિનતી અમ તણી સાંભળો, કરીયે યે ફરયાદજીઃ
અમે ગુનેહગાર બંદા તેરા તમે છો દીન દયાળ. હરી૦ (૫૩)

આશાજી, ચાર જુગના જીવડા મલીયા અને મલીયા છે બહુ ગુનેહગારજી
છેલો અખાડો કલજુગમાંહે, સોહી પાપ હમથી ઉઠાયો નવ જાયજી.
હરી૦ (૫૪)

આશાજી, કલજુગમાંહે અઘોર પાપજ વરતીયા, કુડેકુડ લીખાયાજી;
સતકો મારગ કોઇ નવ જાણે, સંરવેઈ અસત કહેવાયે. હરી. (૫૫)

આશાજી હમકું તમકું જે જીવ જાણે, અને પીરશાહ જાપ જપશેજી;
સોહી જીવ અણતમાંહે લીખાયા, અવર સો મુરખે જનમ ગમાયા.
હરી૦ (૫૬)

આશાજી, પાંચ સાત નવ બારજ છુટા, અણત રહયો ત્યાં ડાહ્યોજી;
સીરબંધ બાંધી અણત ઉઠાયા, સો ભાર હમથી ઉઠાયો
નવ જાયે. હરી૦ (૫૭)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 5 (continued)

આશાજી કેતા કલપ ને કેતા જુગ તીસં માંહે ગુર તુંહી હુઆજી;
અણતનો ગુર તે તમને જાણું, સોહી આજ તમને પિછાણું.
હરી૦ (૫૮)

આશાજી હસન આલ હુસેની આયા, સોહી હસનશાહ જાણોજી:
પીર હસન કબીરદીન નામ પિછાણો, આલ ઇમામ પરિવાર.
હરી૦ (૫૯)

આશાજી, દઇ આશિષ કરી મહેરબાની, પીર સદરદીન ચાલ્યાજી;
સરગ ભમણમાંહે વાસા કીના, તો બાર કરોડ જીવ સાથે.
હરી૦ (૬૦)

આશાજી, શ્રી ઇસ્લામશાહ મહેરજ કીધી, હાથોશું દઇને ઉગાર્યાજી:
અમને તમને જે જીવ જાણે, સોહી જીવ અમ ઘેર આવે.
હરી૦ (૬૧)

આશાજી કોલ કરાર ગુરજીસું કીધા, અને કીધા તે હાથોહાથ:
યાં થકી ગુરજી આપ સધાર્યા, આવ્યા તે નરને પાસ. હરી૦ (૬૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)